શ્રી સ્વરુપજી ઠાકોર, ૨૩ - વાવ

તા ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ હાથ ધરાનાર વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા :-

માન. ધારાસભ્યશ્રી :-

માગણી નં.૬૫

================================================

નર્મદા યોજના અંતર્ગત ઉત્તર ગુજરાત વિસ્તારને લાભ અંગે નોંધ

માનનીય અધ્યક્ષશ્રી

૧.૦ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનાનું ખાતમુહુર્ત તા. ૫ એપ્રિલ ૧૯૬૧ના રોજ કરવામાં આવેલ હતું. પરંતુ આંતરરાજ્ય વિવાદને કારણે સહમતી ના સાધી શકાતાં, આ બાબત નર્મદા જળવિવાદ પંચને સોંપવામાં આવેલ. નર્મદા જળવિવાદપંચ દ્વારા દસ વર્ષ સુધી યોજનાના વિવિધ પાસાંઓનો વિગતવાર અભ્યાસ કરી બધા ચાર રાજ્યોની રજુઆતો સાંભળી સને ૧૯૭૯માં આખરી ચુકાદો આપવામાં આવેલ. એ પછી નર્મદા યોજનાનું કામ શરુ થઇ શક્યું. પરંતુ કામ હાથ ધર્યા બાદ પણ નર્મદા વિરોધીઓના કારણે આ કામ આગળ વધારવામાં વિલંબ થયેલ. નર્મદા બંધની ઉંચાઇ વધારવાની મંજુરી ટૂકડે ટૂકડે મળતી ગઇ, તેમ તેમ તેનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું.

૧૨૧૦ મી. લંબાઇ તથા ૧૬૩ મીટર ઉંચાઇ ધરાવતા કોંક્રીટ ગ્રેવિટી ડેમનું બાંધકામ તેના સ્પીલવે ઉપરનાં ૩૦ રેડીયલ ગેટ સહિત પૂર્ણ થઇ ગયેલ છે અને તા.૧૭/૦૯/૨૦૧૭ ના રોજ

માન.પ્રધાનમંત્રીશ્રીના વરદહસ્તે ડેમનું રાષ્ટ્રને લોકાર્પણ કરવામાં આવેલ હતું.

નર્મદા યોજનાના મુળ આયોજનમાં ઓછા પાણીથી પણ વધુમાં વધુ વિસ્તારને સિંચાઇનો લાભ આપી શકાય તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે. યોજનાના લાભિત વિસ્તારો પૈકી ૭૫ % વિસ્તાર દુષ્કાળ ગ્રસ્ત એવા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારો છે. આ અછતગ્રસ્ત વિસ્તારોમાં ખેતી માટે ફક્ત ચોમાસામાં વરસાદ ઉપર આધાર રાખવો પડતો હતો. વરસાદ પણ અનિયમિત પડતો હતો. રાજ્યના અન્ય વિસ્તારો કરતાં આ વિસ્તારોમાં સરેરાશ વરસાદ પણ ઓછો પડતો હતો. જેના કારણે આ વિસ્તારોના લોકોને જીવન નિર્વાહ માટે અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ભુગર્ભ જળ પણ ખુબ ઉંડે ઉતરી જતાં પીવાના પાણીમાં ક્ષાર અને ફ્લોરાઇડનું પ્રમાણ વધવાને કારણે તેને લગત બીમારીના પ્રમાણમાં પણ વધારો થવા પામેલ. નર્મદા યોજનાને કારણે આ વિસ્તારમાં પીવાના પાણીનો પ્રશ્ન હલ થઇ ગયેલ છે અને લોકોને પીવાનું શુધ્ધ પાણી ઉપલબ્ધ થયેલ છે. આ વિસ્તારના ખેડુતો જે અમુક જ પ્રકારના પાક લેતા હતા તેને બદલે સમયસર અને નિયમિત પાણી ઉપલબ્ધ થતાં વિવિધ પ્રકારના પાકો લેતા થયેલ છે.

૨.૦ નર્મદા યોજનાની મુખ્ય નહેરમાંથી નીકળતી શાખા નહેરો તથા તેની વિતરણ પધ્ધતિની નહેરો દ્વારા ઉત્તર ગુજરાત વિસ્તારનાં મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૧૭ તાલુકાના ૬૩૫ ગામોના કુલ

૪,૩૩,૩૩૬ હેક્ટર વિસ્તારને સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

નર્મદા યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતના લાભિત વિસ્તારની વિગત:-

| અ.નં | જિલ્લો | તાલુકો | પિયત વિસ્તાર (હેકટર) | લાભિત ગામ |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | કડી | ૩૯,૦૭૮ | ૮૭ |
| | | જોટાણા | ૧,૬૨૪ | ૦૪ |
| | | બેચરાજી | ૨૧,૯૯૩ | ૩૭ |
| | | કુલ | ૬૨,૬૯૫ | ૧૨૮ |
| ૨ | પાટણ | ચાણસ્મા | ૭,૧૧૪ | ૧૪ |
| | | હારીજ | ૨૭,૭૦૬ | ૪૧ |
| | | સમી | ૫૬,૩૭૬ | ૫૯ |
| | | પાટણ | ૮૩ | ૦૧ |
| | | શંખેશ્વર | ૪૦,૧૨૭ | ૩૬ |
| | | રાધનપુર | ૩૫,૫૬૨ | ૫૫ |
| | | સાંતલપુર | ૩૬,૬૦૯ | ૬૭ |
| | | કુલ | ૨,૦૩,૫૭૭ | ૨૭૩ |
| 3 | બનાસકાંઠા | કાંકરેજ | ૧૩,૫૪૨ | ૨૭ |
| | | ભાભર | ૨૮,૭૮૦ | ૫૩ |
| | | દીયોદર | ૩૩૮ | ૦૧ |
| | | વાવ | ૬૬,૯૫૧ | ૭૪ |
| | | સુઇગામ | ૩૪,૦૫૭ | ૩૯ |
| | | થરાદ | ૨૪,૩૯૬ | ૪૦ |
| | | કુલ | ૧,૬૮,૦૬૪ | ૨૩૪ |
| | કુલ ઉત્તર ગુજરાત | | ૪,૩૪,૩૩૬ | ૬૩૫ |

3.0 મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જેમ જેમ સળંગ લંબાઇમાં નહેરોનાં કામો પૂર્ણ થતાં ગયા તેમતેમ તેમાં પાણી

વહેવડાવી સિંચાઇ માટે ખેડૂતોને પાણી આપવામાં આવે છે. આ ત્રણે જિલ્લામાં માઇનોર સુધી વિકસીત થયેલ વિસ્તાર અને સિંચાઇની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કુલ પિયત વિસ્તાર (હેક્ટર) | માઇનોર લેવલ સુધી વિકસીત થયેલ વિસ્તાર (હેક્ટર) | જાન્યુઆરી-૨૦૨૪ મુજબ થયેલ સિંચાઇ (હેક્ટર) |
|---|---|---|---|
| મહેસાણા | ૬૨,૬૯૫ | ૬૨,૬૯૫ | ૨૯,૧૬૯ |
| પાટણ | ૨,૦૩,૫૭૭ | ૨,૦૨,૭૮૩ | ૧,૩૮,૦૯૮ |
| બનાસકાંઠા | ૧,૬૮,૦૬૪ | ૧,૬૮,૦૬૪ | ૧,૫૫,૪૭૩ |
| કુલ | ૪,૩૪,૩૩૬ | ૪,૩૩,૨૬૧ | ૩,૨૨,૭૪૦ |

૪.૦ રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ પાઇપલાઇનથી સબમાઇનોરનું બાંધકામ કરવાની નીતિ અમલમાં મૂકતાં તથા લાભાર્થી ખેડૂતોના સારા પ્રતિસાદને કારણે છેલ્લા પાંચ વર્ષમાં આ વિસ્તારની નહેરોના મોટા ભાગના કામો પુર્ણ કરી શકાયા છે. મહેસાણા,પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પૂર્ણ થયેલ વિવિધ કેનાલોમાં સિંચાઇ માટે પાણી છોડવામાં આવી રહેલ છે જેના થકી આ વિસ્તારના ખેડુતો મબલખ પાકનું ઉત્પાદન મેળવી રહ્યા છે અને આર્થિક રીતે સદ્ધર થયા છે.

ચાલુ જળવર્ષમાં મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જીલ્લામાં ખરીફ અને રવિ સીઝન દરમ્યાન કુલ ૩,૨૨,૭૪૦ હેકટર વિસ્તારમાં સિંચાઈ થયેલ છે. (જાન્યુઆરી-૨૦૨૪ અંતિત)

૫.૦ મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજના અંતર્ગત નર્મદા મુખ્ય નહેરમાં પાણી વહેડાવવાનું ચાલુ છે તથા શાખા નહેરો, વિશાખા નહેરો, માઇનોર અને સબ માઇનોરના કેનાલ નેટવર્કની

નર્મદા યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતના લાભિત વિસ્તારમાં નહેર માળખાની વિગત:-

| અ.નં. | નહેરની વિગત | કુલ લંબાઇ (કિ.મી.) | પુર્ણ થયેલ લંબાઇ (કિ.મી.) | બાકી લંબાઇ (કિ.મી.) |
|---|---|---|---|---|
| | મહેસાણા જિલ્લો | | | |
| ૧ | મુખ્ય નહેર | ૫૧.૮૮ | ૫૧.૮૮ | ૦ |
| ૨ | શાખા નહેર | ૧૨૦.૦૨ | ૧૨૦.૦૨ | ૦ |
| ૩ | વિશાખા | ૧૫૯.૮૨ | ૧૫૯.૮૨ | ૦ |
| ૪ | માઇનોર | ૫૮૬.૭૭ | ૫૮૬.૭૭ | ૦ |
| ૫ | સબમાઇનોર | ૧૫૨૮.૮ | ૧૫૨૧.૯૩ | ૭ |
| | કુલ | ૨૪૪૭.૨૯ | ૨૪૪૦.૪૨ | ૬.૮૭ |
| | પાટણ જિલ્લો | | | |
| ૧ | મુખ્ય નહેર | ૩૭.૧૩ | ૩૭.૧૩ | ૦ |
| ૨ | શાખા નહેર | ૨૦૪.૧૪ | ૨૦૪.૧૪ | ૦ |
| ૩ | વિશાખા | ૪૮૨.૮૧ | ૪૮૨.૮૧ | ૦ |
| ૪ | માઇનોર | ૧૪૭૧.૯૬ | ૧૪૭૧.૯૬ | ૦ |
| ૫ | સબમાઇનોર | ૫૨૩૮.૧૯ | ૫૨૨૫.૯૫ | ૧૨.૨૪ |
| | કુલ | ૭૪૩૪.૨૩ | ૭૪૨૧.૯૯ | ૧૨.૨૪ |
| | બનાસકાંઠા જિલ્લો | | | |
| ૧ | મુખ્ય નહેર | ૧૦૧.૧૨ | ૧૦૧.૧૨ | ૦ |
| ૨ | શાખા નહેર | ૧૫૨.૩૫ | ૧૫૨.૩૫ | ૦ |
| ૩ | વિશાખા | ૪૮૩.૧૭ | ૪૮૩.૧૭ | ૦ |
| ૪ | માઇનોર | ૧૧૦૮.૫૮ | ૧૧૦૮.૫૮ | ૦ |
| ૫ | સબમાઇનોર | ૪૬૦૭.૪૩ | ૪૬૦૭.૪૩ | ૦ |
| | કુલ | ૬૪૫૨.૬૫ | ૬૪૫૨.૬૫ | ૦ |
| | કુલ ઉત્તર ગુજરાત | | | |
| ૧ | મુખ્ય નહેર | ૧૯૦.૧૩ | ૧૯૦.૧૩ | ૦ |
| ૨ | શાખા નહેર | ૪૭૬.૫૧ | ૪૭૬.૫૧ | ૦ |
| ૩ | વિશાખા | ૧૧૨૫.૮ | ૧૧૨૫.૮ | ૦ |
| ૪ | માઇનોર | ૩૧૬૭.૩ | ૩૧૬૭.૩ | ૦ |
| ૫ | સબમાઇનોર | ૧૧૩૭૪.૪૨ | ૧૧૩૫૫.૩૧ | ૧૯.૧૧ |
| | કુલ | ૧૬૩૩૪.૧૭ | ૧૬૩૧૫.૦૬ | ૧૯.૧૧ |

આમ, નર્મદાના પાણી ઉપલબ્ધ થવાને કારણે આ વિસ્તારનો સર્વાંગી વિકાસ થયેલ છે, જે નિર્વિવાદ હકીકત છે.

૬.૦ વેજપુર અને માડકા શાખા નહેરના પિયત વિસ્તારો વચ્ચે રહી ગયેલ પિયત વિસ્તારને સિંચાઇ સુવિધા પુરી પાડવા રૂા. ૭૦.૨૭ કરોડના ખર્ચે નવી સુઈગામ ડીસ્ટ્રીબ્યુટરીના કામનું ખાતમૂહૂર્ત માન. પ્રધાનમંત્રીશ્રી ધ્વારા તારીખ. ૩૧/૧૦/૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યું. આ નહેરથી ૧૩,૮૮૪ હેક્ટર ૨૨ ગામોના અંદાજે ૪,૦૦૦ ખેડૂતોને સિંચાઇનો લાભ મળશે.

- આમ, નર્મદા યોજના આવતાં, ઉત્તર ગુજરાતનાં ખેડૂતો સમૃધ્ધ થયાં છે અને લોકોને પીવાં માટે શુધ્ધ પાણી ઉપલબ્ધ્ધ બન્યું છે, પરીણામે, ફ્લોરાઇડ અને ક્ષારયુક્ત પાણીથી થતાં આરોગ્યલક્ષી પ્રશ્નોનું નિરાકરણ થયેલ છે